

ભક્તિની ઓથે ચમત્કારની સૂથી નાખે છે,
વિશ્વાસને નામે માયાજાળ ગૂંથી નાખે છે,
પીંખી નાખે છે શ્રધ્ધાને વાસનાના વિષથી
નિર્દોષને ભોળાં જીવતર ચૂંથી નાખે છે..
(લ્યો! આશ્રમમાં ભોંયરૂં..)

સત્તા-બંગલો,
મળતાં જ માણસ -
લપસી પડે!
(શ્રી રાદડિયા લપસ્યા..)

હારેલા યોદ્ધા -
સ્ટીંગ ઓપરેશનની
બિછાવે જાળ!
(આપ પાર્ટી ઝપટમાં)

ચિંતન

શીલં શૌર્યમનાલસ્યં પાંડિત્યં મિત્ર સંગ્રહઃ ।
અચોર હરણીયાનિ પંચૈતાનિ અક્ષયો નિધિઃ ॥

સુભાષિત રત્નભાંડાગારના બીજા પ્રકરણ-નામે 'સામાન્યનીતિ'માંથી આ શ્લોક છે :

'શીલ-સદાચાર, શૂરવીરતા-પરાક્રમ, અને આળશ વિનાનો ઘંધો-ઉદ્યોગ, પંડિતો અને સજ્જનો સાથેનો સત્સંગ-સારા મિત્રો-આ પાંચ બાબતો નાશ ન પામે એવી અવિનાશી અને અક્ષય-ક્ષય ન પામે એવો ખજાનો છે એને ચોર પણ લૂંટી શકતો નથી.'

સારા સંસ્કાર એ જીવનની અમૂલ્ય મૂડી છે એ ગમે તેવા ખરાબ સંજોગો-આપત્તિઓમાં પણ ખૂબ જ ઉપયોગી-મદદરૂપ થાય છે. આવા પાંચ સંસ્કારની અહીં યાદી આપવામાં આવી છે :

(૧) શીલ અને સદાચાર, ચરિત્ર અને ચારિત્ર્ય નિર્મળ હોવા જોઇએ માનવજીવનની એ સર્વોત્તમ મૂડી છે.

(૨) શૌર્ય-હિંમત અને પરાક્રમ-ગમે તેવી કઠોર-આપત્તિઓનો પણ ધીરજ અને હિંમતપૂર્વક સામનો કરી તેની સાથે શૂરવીરતા પૂર્વક લડતા રહેવામાં જ જીવનનું સાફલ્ય છે.

(૩) ઉત્સાહ-અને મજબૂત મનોબળથી સાહસપૂર્વક ધંધો ઉદ્યોગ કરવો-આળશમાં 'પછી કરીશું' એવી વૃત્તિથી માણસ જાતે જ 'બેકાર' થઇ જાય છે.

(૪) પંડિતો-સજ્જનો અને વિદ્વાનો સાથેની સોબત-સત્સંગ જીવનનું ભાથું બની જાય છે.

(૫) સારા મિત્રો, માર્ગદર્શક અને સારા સલાહકાર બની શકે છે, આ પાંચ બાબતો જીવનનો અખૂટ-અપ્રપાય ખજાનો મૂડી છે.

સુવિચાર

- પાપની સ્વીકૃતિ એ મુક્તિના શ્રીગણેશ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રારબ્ધ અને પુરૂષાર્થના બેવના માર્ગ ભિન્ન છે, છતાં જયારે તે બેવ મળે છે ત્યાં અદ્ભૂત સફળતા અચૂક પ્રગટે છે **- ચંદ્રકાન્ત બક્ષી**
- લક્ષ્યની સિદ્ધિ અન્યાય અને અનિતિથી નહીં પણ, સત્ય અને ધર્મથી જ થઇ શકે છે **- જનકલ્યાણ**
- ધૈર્ય અને પુરૂષાર્થ વડે આપણે જે પ્રાપ્ત કરી શકીએ છીએ, તે શક્તિ અને ઉતાવળથી પ્રાપ્ત થતું નથી **- મરાઠી કહેવત**
- જેનામાં મનુષ્યતા નથી તેનામાં જરા પણ ધાર્મિકતા નથી **- ભાણદેવ**
- ધર્મ માનવીના અંતઃકરણના વિકાસનું ફળ છે, તેથી ધર્મના પ્રમાણનો આધાર પુસ્તક નહીં, અંતકરણ છે **- જૈન સૂત્ર**
- બીજાના દોષોને આપણામાં રહેલા દોષો શોધી કાઢવા માટે અરીસા રૂપ બનાવવા તે પોતાની જાતનું જ્ઞાન મેળવવાનો ઉત્તમ ઉપાય છે **- કાન્તિ ભટ્ટ**

બોધ કથા

આપણે 'અધ્યાત્મ' માર્ગે છીએ એવો માત્ર આપણો દેખાડો-દંભ જ હોય છે. મનમાં છૂપી સત્તા-પદ-સંપત્તિ-માયા-મમતાની માગણીઓની જ રાસલીલા ચાલતી હોય છે. આપણી યાત્રા-પૂજા-સત્સંગ-જપ-તપ-ભક્તિ પાછળ કેટલીયે આશક્તિની આશાઓ ભક્તિનો અંચળો ઓઢી બેઠી હોય છે. કોઇના મનમાં ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ જાય તો 'મોક્ષ'ની માગણી જ નથી હોતી.

એક સંતની સત્સંગ સભા ચાલતી હતી. સંતશ્રીએ કહ્યું ઇશ્વરે પોતાની માયાથી આ સંસારની રચના કરી 'આત્મા'નું સર્જન કરી એને વિશ્વના કાર્યો-હેતુ માટે મોકલ્યા છે પણ 'પરમાત્મા'નું અંતિમ ધ્યેય-હતું તો આત્માને મહાત્મા બનાવી પાછા 'પરમાત્મા'માં વિલીન કરવાનો જ છે..

એક આધુનિક વિચારશ્રેણીનો કોલેજીયન યુવાન ઊભો થયો અને કહ્યું, બાબાજી! આપ કહો છો તેમ હોય તો મોક્ષ પામી ગામના ગામ ખાલી જ થઇ જાય-લોકો બધાં, મોક્ષ કેમ પામતાં નથી?

સંતે સ્મિત સાથે કહ્યું-તારો પ્રશ્ન અને વાત સાચી છે જો આ ગામની વસ્તી સાત હજારની છે એમાં એક હજાર લોકો સાઠ વર્ષ ઉપરનાં છે એમને રૂબરૂ મળી એક 'કાપલી' પર એમની અંતિમ દસ ઇચ્છા લખાવી કાલે મારી પાસે આવજે...

યુવાન બીજે દિવસે કાપલીઓ લઇ સંત પાસે આવ્યો સંકલન થયું. કાપલીઓમાં-સત્તા-સંપત્તિ-પુત્રો-પૌત્રી-આલીશાન-બંગલા-વાસના-વ્યસન-સ્ત્રીઓ-યાત્રા-પ્રવાસો જેવી જ દસ ઇચ્છાઓ લખી છે કોઇએ 'મોક્ષ'ની ઇચ્છા-માગણી બતાવી જ નો'તી.. સંતે કહ્યું - 'આપણને કોઇને મોક્ષ-મુક્તિની હ્રદયથી ઇચ્છા જ નથી-માયાના બંધનમાં જ મજા આવે છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

નિકોબારી આદિવાસીઓ આજે પણ પોતાની પરંપરાને ખુબ જ ચુસ્તતાથી જાળવે છે, એ લોકો પોતાના ગામના મુખી (કેપ્ટન) ને આધિન હોય છે, તેઓ પોતાના કેપ્ટન પ્રત્યે ખુબ જ આદર ભાવ ધરાવે છે

સવારે આંખ ઉઘડે અને સામે ઘુઘવતો દરિયો નજરે પડે એવું અહીં આવ્યા પછી કાયમનું થઇ ગયું છે. છતાં કોણ જાણે કેમ દરિયાને જોતાં મન ધરાતું નથી. ક્યારેક દરિયો જરા શાંત લાગે, કિનારે ઊભાં હોઇએ ને મોજાં દૂર દૂરથી આવતાં જોયા જ કરતાં હોઇએ ત્યાં એકદમ નજીક આવીને પગ પખાળી જાય. પાણીનો એ સ્પર્શ બહુ જ ગમે. આજુબાજુની ચમકતી રેતી અને તેમાં શંખ, છીપલાં તેના વિવિધ આકારો અને પ્રકારો તેની સુંદરતા મોહી લે. દરિયાના વિકરાળ રૂપ પણ અહીં આવ્યા પછી જોવા મળ્યું છે. કોઇ ધમપછાડા કરતાં બાળકની જેમ મોજાં ઉછળતાં હોય વધુ તોફાની દરિયાં થાય ત્યારે તેના મોજાનો ઘુઘવાટ તે અવાજ પણ બિહામણો લાગે. દરિયાના કેટકેટલા રૂપો અહીં જોવા મળ્યાં વામનથી વિરાટ સુધી જળ રાશિની આ લીલયા જોતાં જોતાં બીજું પણ ઘણું ઘણું અહીં જોવા મળ્યું છે.

સાંજ ઢળી ગઇ છે. તિમિરની ચાદર ઓઢી જંગલ ચુપચાપ બેસી ગયું છે. દૂર દૂર ક્યાંક ક્યાંક ટમટમતા દીવા જોવા મળે છે. દરિયાના પાણી કાળાં દેખાય છે. માથે આભમાં તારલાઓ ચમકવા લાગ્યા છે. હળવા નાસ્તા જેવું ભોજન લીધા પછી શીપની જેટ્ટીની નજીક સૌ આમતેમ લટાર મારે છે. કારનિકોબાર જવા માટે શીપ રાત્રે દશ વાગ્યે ઉપડવાનું છે.

ત્યાં આ શીપની વ્હીસલ વાગી. તે સાથે સૌ શીપમાં ચડી બેઠાં. સમુદ્ર અત્યારે શાંત છે. શીપમાં અમારી સાથે ઉપેન્દ્રભાઇ છે. તેમણે કહ્યું કે હવે આપણે આ શીપ દ્વારા ૧૦ ડિગ્રી ચેનલ પાર કરીશું અહીં દરિયાની ઊંડાઇ ૭૩૨ મીટર જેટલી છે.

શીપ હવે ઝડપભેર ચાલવા લાગી હતી અને સૌ ઝોંકે ચડ્યા હતા. તેથી પથારીમાં પડ્યા નિંદર ક્યારે આવી ગઇ તેની તો ખબર જ ન પડી. પણ ફરી શીપની વ્હીસલ વાગી ત્યારે આંખ ઊઘડી ગઇ જોયું તો બહાર અજવાળું દેખાતું હતું.

આ સામે દેખાય તે કાર-નિકોબાર ટાપુ છે. તે નારીયેળ આકારનો છે. અમારી શીપ તેની નજીક જઇ રહી હતી. તેમ તેમ ટાપુનો નજારો હવે સ્પષ્ટ જોઇ શકાતો હતો. શીપ ઊભી રહી ત્યાં બહાર જોયું તો મોટર બોટ, નાની હોડીઓ, ફ્ટૂન વિગેરે શીપની નજીક આવતાં હતા. તે સાથે પ્રવાસીઓ, પ્રાણીઓ, માલસામાન, શાકભાજી ફ્ંટૂનની ઉતારવાની અને શીપમાં ચડાવવાની કામગીરી શરૂ થઇ ગઇ હતી.

અમે સૌ શીપમાંથી નીચે ઉતરી આ દૃશ્યોને ખુબ જ કુતૂહલથી જોતાં હતા. કારણ કે આવાં દૃશ્યો આપણે ત્યાં તો જોવા મળે જ નહીં. જોવાની બહુ મજા પડે એવાં એ દૃશ્યો છે.

આજે તો દરિયો શાંત છે તેથી શીપમાંથી ઊતરવાનું ખુબ સહેલું પડે જો દરિયો તોફાની હોય તો અહીં ઉતરવાની બહુ મુશ્કેલી પડે એવું છે. જો કે હવે જહાજ માટે જેટ્ટી બની ગઇ હોવાથી વાંધો આવે તેવું નથી.

આ આદિવાસી ટાપુ પર ફરવા જઇ શકાય તેવું છે. આ નિકોબાર રાષ્ટ્રીય ફૂટબોલની રમતમાં, સાથોસાથ સાયકલિંગ અને વોટર સ્પોર્ટમાં ઘણી વખત રાષ્ટ્રીય સ્તરે પોતાની અમિટ છાપ ઉભી કરે છે. નિકોબારી આદિવાસીની સંખ્યા વીસ હજારથી ઉપર છે.

આ કાર-નિકોબાર ૧૮૪૧ ચો.કિ.મી.માં પથરાયેલો ટાપુ છે. અહીં એક પ્રખ્યાત ચર્ચ છે. તેના કમ્પાઉન્ડમાં પેસતાં બિશપ જહોન રીચાર્ડસનની પ્રતિમા છે. એની નીચે એમનો જન્મ ૧૮૮૪ અને અવસાન ૧૯૭૮ લખાયેલું છે. તેની બાજુમાં તેની સ્મૃતિ બનાવી છે તેનાં ઉપર લખ્યું છે કે ( )' ' દરેક માણસ ઇશ્વરનો નોકર છે. એવું પણ આપણે સમજી શકીએ. અહીં નેવું ટકા લોકો ખ્રિસ્તી છે નવ ટકા મુસ્લીમ અને એકાદ ટકો હિંદુઓ જોવા મળે છે. અહીં બોલચાલની ભાષા હિન્દી છે. અભણ માણસ પણ અહીં હિન્દી બોલી અને સમજી શકે છે. જો કે શિક્ષણમાં અહીં હિન્દી ઉપરાંત નિકોબારી અને અંગ્રેજી ભણાવવામાં આવે છે.

રસ્તેથી પસાર થતાં જોઇએ છીએ તો અહીં મકાનો મોટા ભાગે લાકડાંના અને શંકુ આકારના જોવા મળે છે. ગીચ જંગલ વિસ્તાર હોવાથી લાકડું સહેલાઇથી ઉપલબ્ધ હોવાથી લાકડાનાં મકાનો હોવાં સ્વાભાવિક છે. મકાનો લાકડાંના પણ આપણે ત્યાં માળા હોય તે પ્રકારે અને સિમેન્ટ કોંક્રીટના ફ્લેટ સિસ્ટમમાં નીચે પાર્કિંગ હોય છે તેવી વ્યવસ્થાવાળા આ લાકડામાં મકાનો જમીનથી આઠ દસ ફૂટ ઊંચા ભોંયતળીયાવાળા, એકબાજુ મોટી બારી જેવું બારણું અને તેની આગળ નીસરણી, રાત પડે ત્યારે નીસરણી ને એ લોકો ઉપર ખેંચી લે. કારણ કે અહીં વરસાદ બહુ જ પડે છે. વળી જંગલોને કારણે ઝેરી પ્રાણીઓથી બચવા માટે આ પ્રકારના મકાનો સલામત ગણાય.

અમે ચર્ચની સામેનાં મકાનમાં ગયા હતા તે ભોંયતળીયેનું હતું. ત્યાં પાછળના ભાગમાં રસોડું હતું. બાળકો જમતાં હતા. પાછળનાં અંદરના રૂમમાં વચ્ચે બે ચુલાં સળગતા હતા. બાજુની દિવાલ ઉપર મોટો ઊંચો લાંબો માટીનો પાટ બનાવેલો. બે છોકરીઓ તેના પર બેસીને જમતી હતી. અમને જોઇને શરમાઇ ગઇ. જમવામાં માત્ર એકલા ચોખા જ હોય છે. ઘરની નજીક નારીયેળનો ઢગલો હતો. તે લોકોએ ભારતીય રસમ અનુસાર હાથ જોડી સૌને વંદન કર્યા અને નારીયેળ પાણી પાયું. મેં એ લોકોને નિકોબારના લયાની ગામ વિષે પુછ્યું. ત્યાંની ઐતિસાસિક પ્રેમકહાની વિશે વાંચેલું. તાતારો - વામિરો નામનાં એ પ્રેમી યુગલ વિશે જાણવાની મને ખુબ ઉત્સુકતા હતી. પણ કંઇ વિશેષ માહિતી મળી શકી નહીં. પણ એવું જાણવા મળ્યું કે આ નિકોબારી વનવાસી લોકો અત્યારે દરેક ક્ષેત્રમાં ખુબ જ આગળ વધ્યા છે. રમતગમત, સરકારી નોકરી, સેના અને પોલીસમાં તેઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. ઘણાં પ્રિન્સિપાલ, ડોક્ટર, એન્જિનિયર કે સાયન્ટીસ્ટ તરીકે કામ કરી રહ્યા છે. રાષ્ટ્રીય ફૂટબોલ સુબ્રતો મુખર્જી કપ ઘણી વખત આ લોકો જીત્યા છે. અહીં બાળપણથી જ બાળકો રમતગમત, સાયકલ અને તરણમાં રસ લેવા માગે છે.

નિકોબારી જનજાતિનું કાર નિકોબારમાં વધુ પ્રમાણ જોવા મળે છે. એ જ રીતે નાનકોરી ટાપુઓ પણ પછી આ જનજાતિ ફેલાયેલી જોવા મળે છે. આ લોકો હળીમળીને ખાવા-પીવાનું રહેવાનું પસંદ કરે છે અને મનોરંજન તેમને ગમે છે. બીજા કુટુંબના બાળકોને પણ પોતાના બાળકોની જેમ લાલન-પાલન કરવું એ તેમની વિશેષતા છે. તેમનું શિક્ષણ, વિવાહ-લગ્ન પુરી જવાબદારી પૂર્વક તેઓ નિભાવે છે. તેઓમાં સ્વાર્થનું તત્વ બિલકુલ જોવા મળતું નથી.

આ નિકોબારી લોકો મંગોલિયન નીતિને મળતા આવે છે. તે દેખાવમાં હૃષ્ટપૃષ્ટ અને કદાવર અને મજબુત બાંધાના હોય છે. તેનાં નાક નાનાં અને ચપટાં છે. કદમાં નીચા છે. આ લોકો કોપરૂં કાઢવાનું, નારીયેળ તેલ કાઢવાનું, સોપારી અને કેવડાના બગીચા બનાવવા જેવા કામો ઉપરાંત ઉદ્યોગ પણ કરે છે. આ લોકો ભૂત પ્રેમને માને છે અને ભૂતપ્રેત ભગાડવા માટે સુવરનું બલિદાન આપતા હોય છે.

નિકોબારી યુવક-યુવતીઓ ફિલ્મી ધૂનોનાં ગીતો ગાવાં, પાશ્ચાત્ય નૃત્ય અને વાદ્ય વગાડવાના શોખીન છે. તેનો તેઓ ખુબ આનંદ મેળવે છે. દરેક પુરૂષ, સ્ત્રી, યુવક, યુવતીઓ અને બાળકો તેમાં સામેલ થાય છે. અહીં ક્રિસમયનો તહેવાર પુરા એક મહિના સુધી ઉજવાય છે.

આ લોકો આધુનિક ઢંગના કપડાં પહેરે છે. સ્ત્રીઓ બ્લાઉઝ, લૂંગી, સાડી, વિગેરે પહેરે છે. આ લોકો છાપકામ વાળા રંગીન કપડાં બહુ ગમે છે. અહીં તેઓ નાચ,ગાન, સંગીની ધૂનો વગાડવી અને હોડીઓની હરિફાઇ તેમજ સુવર સાથે મુઠભેડ (લડવા)ની રમત રૂપે તેમનો 'વ્યડાદિન' તહેવાર ઉજવવાનું મુખ્ય આકર્ષણ છે.

જો કોઇ બહારનો વ્યક્તિ-યુવાન કોઇ નિકોબારી યુવતી સાથે પ્રેમ કરતાં પકડાઇ જાય તો તેને નારિયેળીના ઝાડ સાથે બાંધીને મારવામાં આવે છે અને તેને આખો દિવસ ઝાડની સાથે બાંધીને તે જ રાખવામાં આવે છે. આ લોકો કોઇ બીજી જાતના કે બહારના વ્યક્તિ સાથે પોતાની છોકરીનાં લગ્ન થાય તેને સારૂં ગણતા નથી. આ નિકોબારી આદિમ જનજાતિમાં વિવાહની વ્યવસ્થા કંઇક અલગ જ છે.

જયારે લગ્ન નક્કી થાય ત્યારે આજુબાજુ રહેતા બધાં લોકો ભેગા થઇ જાય છે અને નિર્ણય કરવામાં આવે છે કે કયાં કયાં કુટુંબો લગ્નમાં શું શું આપશે. જેમ કે ૧૦ કુટુંબ માંસની જવાબદારી લેશે, ૫ કુટુંબ ખોરાક રાંધવા માટે લાકડાં એકઠાં કરી લાવશે, ૧૦ કુટુંબ કરિયાણાની વ્યવસ્થઆ કરશે. જેથી છોકરીવાળાને લગ્નની કોઇ ચિંતા રહેશે નહીં. આ પ્રસંગ આખા ગામનો ગણાય તેથી સૌ હળીમળીને કામગીરી નિભાવે. ખરેખર આપણા સભ્ય સમાજે પણ આમાથી બોધપાઠ લેવા જેવો છે.

બીજી મજેદાર વાત એ છે કે કોઇ છોકરી પ્રેમમાં પડે અને તેને બાળક થઇ ગયું તો તેને પણ સૌ પોતાના બાળકની જેમ ઉછેરે છે તેને અનૌરસ ગણવામાં આવતું નથી. હાં જો કે આ બાબતને તેઓ સારી ગણતા નથી.

છોકરો લગ્ન પછી ગુલામ બનીને છોકરીને ત્યાં રહેવા લાગે છે. તેને જંગલમાંથી લાકડાં કાપી લાવવાનું, નારીયેળ ઉતારવાનું, નારિયેળ કે સોપારીના બગીચામાં કામ કરવું પડે છે. હજી પણ અમુક નિકોબારીઓ મચ્છી અને માંસ કાંચુ જ ખાય છે.

નિકોબારી આદિવાસીઓ આજે પણ પોતાની પરંપરાને ખુબ જ ચુસ્તતાથી જાળવે છે. એ લોકો પોતાના ગામના મુખી (કેપ્ટન) ને આધિન હોય છે. તેઓ પોતાના કેપ્ટન પ્રત્યે ખુબ જ આદર ભાવ ધરાવે છે, અને તેના આદેશ આંખો મીંચીને માને છે. જો તેને સામેથી આવતાં જુએ તો રસ્તાની બાજુમાં ઊભા રહી જાય છે.

(ક્રમશઃ)

અઠવાડિયાથી થતી આખા દિવસની રઝળપાટથી શરીર કળતું હતું, થાક તો એટલો બધો લાગ્યો હતો કે, હવે બે જગલાં ભરવાં પણ અસહ્ય થઈ પડ્યું હતુ

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

લઘુકથા સેતુ : ડ્યુરેબલ ટેન્ટ

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

પ્રલણકારી ધરતીકંપે માનવજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. જયાં નજર કરો ત્યાં ઠેરઠેર પ્રાણીઓનાં હાડપિંજરશો ધ્વંશખોરડાંનો વેરાયેલા કાટમાળ! કાલ સુધી ધબકતું અને રાત્રે સુખની ઘેરી નિંદ્રામાં પોઢેલ આ નગર સવારે ઊઠ્યું તો, સમણાંની કડી માયાની જેમ; બહુ વેરણછેરણ થઈ ગયું હતું!

''અબ-તક''ના પત્રકારે તરીકે હું આ અતિ અસરગ્રસ્ત વિસ્તારનો અહેવાલ મેળવવા આવ્યો હતો. અઠવાડિયાથી થતી આખા દિવસની રઝળપાટથી શરીર કળતું હતું. થાક તો એટલો બધો લાગ્યો હતો કે, હવે બે જગલાં ભરવાં પણ અસહ્ય થઈ પડ્યું હતુ. માથે સૂરજ તપી રહ્યો હતો. તરસથી ગળું સૂકાતું હતું. છેવાડેના એક ધ્વંશ પામેલ ખોરડાના બચી ગયેલ-માટીના ઓટલા પર; ખબર નહીં જરા કળ વળતાં, સામે જોયું તો, બે તૂટેલાં ખાટલા મૂકેલીને, તેના પર ગાભાની એક ફાટેલ-તૂટેલ ગોદડી નાખેલ હતી! આવું ''ઘરઘોલિયું'' બનાવીને, ઘરઘર રમવાની બાળપણની રમત આંખે સામે તરવરી રહી; પરંતુ અહીં તો બાળકોનો કોઇ કલબલાટ નહોતો!

ઊભા થઈને, વાકાં વળી, ''ઘરઘોલિયા''માં નજર કરી તો, સાઈઠેક વર્ષનાં, માંજી, ચારેક વર્ષના છોકરાને કંઈક સમજાવી રહ્યા હતા. બાજુમાં પાણીની એક ખાલી માટલી, ગોબા વાળો કાના તૂટેલો લોટો અને તૂટેલી એક પ્લાસ્ટિકની પ્લેટમાં બિસ્કીટના બેચાર ટુકડા અને જેર પડ્યા હતા!

મેં જયાં નીચા નમી, ''નમસ્કાર માજી'' કહ્યું, ત્યાં તો બોલ્યા : ''દીકરા, શે'રમાંથી આયો લાગસ! આય ભઈલા પાંણી-બાંણી પીવું સ..અ!'' થોડીવાર અટકી : ''લે બેટા, તારા નસીબનો આ છેલ્લો લોટો સ...અ!'' આ સાંભળી, મેં ના પાડી. હાવ-ભાવ પરથી મારી દ્વિધા પારખી જતાં, માજી બોલી ઊઠ્યાં : ''લે... પી, લે બેટા! પછ... અ ની વાત પછ... અ! જોયું જાહ.... અ. ભગવાંનં જેવો મોટો દાતાર બેઠો છન...અ!''

મેં ક્ષોભ અનુભવ્યો. તરસ હોવા છતાં; ઉદ્વિગ્ન મને, પરાણે બે ઘૂંટા પાણી ગળે ઉતાર્યું! વાતચીત કરતાં જાણવા મળ્યું કે, માજીના ત્રીસેક વર્ષના દીકરા અને વહુને ધરતીકંપનો કાળ ભરખી ગયો હતો; ચારેક વર્ષના પુત્ર અને ઘરડી માને રઝળતા છોડીને!

માજીએ આ રીતે રહેતાં જોઈને સાશ્ચર્ય પૂછ્યું : ''માજી, આશરા વગરનાં નિરાધારને તંબુ અને બબ્બે ધાબળા આપ્યા છે, શું તમને નથી મળ્યાં?''

લાંબો નિસાસો નાખતાં માજીએ કહ્યું : ''બેટા, અમ જેવા ગરીબના નસીબ પણ ગરીબ જ હોય ને! જો નસીબ પાધરૂં હોત તો આ ખોરડું જ ના ઊભું હોત!'' થોડીવાર અટકીને, ''હા, ભઈલા! કાલે જ બેચાર ભલા માણસો કાં'ક લૂગડું લઈને આયા'તા, અન...અ કેતા'તા કૂબો કરવા આલ્યું સ...અ, ઈમ કઈ આપી જ્યા તા! કોંબળા ખૂટ્યા સ...અ, એટલે... અ બેચાર દાડામ... અ આલસે ઈમ કેતા'તા.'' પછી થોડીવાર અટકીને, સોમણનો નિસાસો નાખતા બોલ્યાં : ''તન... અ નહીં લાગતું ભઈલા અમ જેવા છેવાડે વહતા ગરીબનું નશીબ પણ છેવાડું જ હોય? જો... ને બેટા, ગરીબનું નશીબ! હવારે, દાડો ચડ... અ, એ પે'લા તો એ લૂગડું પાછુંય લઈ જ્યાં! હશે! જેવી ઉપરવાળા, હજારો હાથવાળા મારા નાથની મરજી!''

ત્યાં જ મારા મગજમાં એકાએક જાણે વીજળીનો ઝબકારો થયો! ધાબળા અને તંબુ વિતરણ ટીમના એક વડાના શબ્દો, મારા માથામાં હથોળાની માફક ઢોકાઈ રહ્યા : ''જો ક્યારેક દૂર પિકનિકમાં જવાનું થાય તો, ફોરીનના આ ડ્યુરેબલ ટેન્ટ અને ધાબળા ખરેખર ખૂબ જ ઉપયોગમાં આવે એવા સારા છે, હાં!''

ત્યાં જ, ટેન્ટ-ધાબળાનું વિતરણ પૂર્ણ કરી, મારી સામેની, ધૂળ ઉડાડતા, શહેર તરફ માતેલા આખલાની જેમ ધસી રહેલ અને ઉડતી ધૂળમાં ઓજલ થતા એ ભારેખમ ખટારાઓ તરફ અપલક નયને હું તારી રહ્યો...., નિરૂપાયો મૂઢશો!

કાવ્ય સેતુ : નૃત્ય મધુશાલા : કાઠમાંડો

પ્રકાશની તેજ ધારદાર
ખુકરીઓ
સટ્ સટ્ છૂટે
વીંધે વક્ષસ્થળ...
ધ્વનિનાં તીર અણિદાર
સટ્ સટ્ છૂટે
વીંધે કાંચનજંઘાઓ...
પ્રકાશના પલકારે પલકારે
ધ્વનિના થડકારે પલકારે
થરકે ગૌર અર્ધાવૃત્ત અંગ...
ચમકે નીલકમલશાં નયન તિર્થક...
જાસૂદપુષ્પ શા ઓષ્ઠદ્વયે હાસ
સ્તનમંડલ મધુ છલછલ
પુષ્ટ નિતંબે જંઘાએ
ફાટફાટ રતિ...
જવમધુ ઓગળે ધીરે રકતે ત્યમ
કામ સળવળ સળવળ
આંતરબાહ્ય બધું ઝળહળ ઝળહળ...

- પ્રવીણ ગઢવી

નારી નારાયણી

તન ચંચળ, મન ચંચળ
વ્યવહાર કુશળ સદૈવ સમર્પિતા;
નદીને સામે પ્રવાહે તરવું,
પછી જ સાગરને અર્પિતા;
જાતને ભૂલીને ય સદા
નિજ અસ્તિત્વ સંભાળતાં;
મુરત મમતા, પ્રચંડ ક્ષમતા,
અખંડ સહનશીલતા;
આજનો યુગ છે તારો હે પરિણિતા,
આ સંસાર તુજ પર રહેશે ગર્વિતા

- ભાવાનુવાદ
- કુન્દન દવે

મસ્તક ઊંચું રાખીને જીવો... ખુમારીથી !

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

દેલવાડાનાં જૈન દેરાસરોનું કોતરકામ જોવા માટે બ્રિટીશ સરકારનો કોઇ હાકેમ આવ્યો.

જૈન સંઘના અગ્રણી શેઠ લાલભાઈ દલપતભાઈએ હાકેમનો સત્કાર કર્યો. જિનાલયમાં પ્રવેશતી વખતે શેઠ હાકેમને જોડા કાઢવાની વિનંતી કરી, પણ ઉદ્ધત ગોરાએ તેની અવગણના કરીને મંદિરમાં પ્રવેશ કર્યો.

ધર્મસ્થાનનું આ અપમાન લાલભાઈ શેઠને હાડોહાડ લાગી ગયું.

ધાર્મિક સ્વાતંત્ર્યના મુદ્દા પર શેઠે ઉચ્ચ ન્યાયાલયમાં ગોરા સામે કેસ દાખલ કર્યો. શેઠને પવિત્ર ધર્મસ્થાનોનું ભાવિ સુરક્ષિત કરવા માટે દાખલો બેસાડી દેવો હતો.

સદ્ભાગ્યે અંગ્રેજ ન્યાયાધીશે શેઠની તરફેણમાં ચુકાદો આપ્યો. હવે પછી કોઈ પણ અંગ્રેજે પવિત્ર ધર્મસ્થાનોની પ્રણાલીનો ભંગ કરી નહીં કરવાનું ફરમાન કર્યું. પછી ન્યાયાધીશે શેઠને કહ્યું, ''શેઠ! તમે ખૂબ સાહસ કર્યું છે. ખેર... ધારો કે તમે આ કેસ હારી જાત તો?''

''તો હું સર્વોચ્ચ ન્યાયાલયમાં જાત!'' શેઠે બેધડક કહ્યું.

કુતૂહલથી પ્રેરાઈને ન્યાયાધીશે ફરી શેઠને પૂછ્યું, ''કદાચ સર્વોચ્ચમાં પણ હારી જાત તો તમે શું કરત?''

શેઠે કહ્યું, ''તો હું પ્રીવી-કાઉન્સિલમાં જાત.''

''ત્યાં પણ હારી જાત તો'' ન્યાયાધીશે પૂછ્યું.

''તો હું ગામેગામ સભાઓ ભરીને ભારતની જનતાને કહેત કે અંગ્રેજ શાસનમાં ન્યાય પરવારી ગયો છે. માટે ન્યાયાલયે કોઇ જશો નહીં.'' શેઠ બોલી ઊઠ્યાં.

શેઠનો જવાબ સાંભલીને ન્યાયાધીશ ખુશ થઈ ગયા. શેઠને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા.

ખુમારી બહુ મોટી ચીજ છે. જીવનની એ મૂડી છે. ખુમારી વિનાનો માણસ નિષ્પ્રાય ભાસે છે. સ્વમાનનું બીજું નામ ખુમારી છે. આત્મગૌરવ અને સ્વત્વ ધરાવતો માનવી જ ખુમારી દાખવી શકે. જીવનનાં મૂલ્યોની એને કિંમત હોય છે. ન તો એ ખોટું કરી શકે છે કે ન તો એ ખોટું સહી શકે છે. આત્મગૌરવની ચેતના મનુષ્યને એક ઊંચાઇ પર લઈ જાય છે, જ્યાં ભયનું નામોનિશાન હોતું નથી. એ નિર્ભય બને છે... અને આવી નિર્ભયતામાંથી જન્મે છે ખુમારી! એને કારણે આચરવામાં આવતા વ્યવહારમાં મનુષ્ય પ્રાણ ગુમાવે છે, જીવનનું સત્ત્વ નહીં. અને માટે જ મરીને પણ એવા મનુષ્યો અમરી બની જાય છે. લોકો યુગો સુધી એમની ખુમારીને, નિર્ભયતાને, આત્મગૌરવને, સ્વાભિમાનને વાગોળતા રહે છે.

ઈતિહાસના પાને અંકિત થયેલી એવી જ એક બીજી ઘટના જોઈએ.

પોતાની પ્રેયસી નન્નીજાનને હાથી ઉપર પોતાની બાજુમાં બેસાડી ઉદેપુરના નરેશની સવારી નગરમાં રાજમાર્ગો અને ઊભાં બજારોમાંથી પસાર થતી હતી. મહાજનના અગ્રણી નગરશેઠની દુકાન આગળથી એ સવારી પસાર થવા લાગી. નગરશેઠ દુકાને બેઠા હતા. એમનું મન ખૂબ જ ઉદાસ હતું. જેવો નરેશનો હાથી નજીક આવ્યો કે તરત શેઠ ચોપડો ખોલીને વાંચવાનો ડોળ કરતા બેસી જ રહ્યા. ઔચિત્ય ખાતર પણ દુકાનેથી નીચે ઊતરીને એમને નરેશને નમસ્કાર ન કર્યા.

આ વાત નરેશની નજર બહાર ન રહી. પણ એમને મનની જ વિચારી લીધું કે કશાક કારણ વિના મહાજનના શેઠ આવી ઉદ્ધતાઈ ન જ કરે.

સવારી ઊતર્યા બાદ શેઠને રાજમહેલમાં બોલાવવામાં આવ્યા. નરેશે શેઠને એમનાં આવા વર્તનનું કારણ પૂછ્યું.

માથું ઊંચું કરીને શેઠે જવાબ આપ્યો, ''રાજન! આપના દર્શન કરવામાં મારે ઉપવાસ કરવો પડે એમ હતું, કેમ કે મારો ધણી રખાતને લઈને ઊભી બજારે આબરૂનું લિલામ કરવા નીકળ્યો હતો.''

આ સાંભળતાં જ રાજાનું મોં શરમથી નમી ગયું.

કેટલાક લોકો જીવનમાં વાતે વાતે સમાધાન સાધી લેતા હોય છે. બાંધછોડ કરવાની વૃત્તિ એમનામાં હોય છે. તેઓ એને જીવનની આવશ્યકતા માને છે...

પણ કેટલાક લોકો એવા પણ હોય છે જે બાંધછોડ નથી સ્વીકારતા. મૂલ્યો અને સિદ્ધાંતો સાથે સમાધાન નથી કરતાં. મન ખોટી રીતે નથી મનાવી લેતા. આવા લોકોને સામાન્ય જનસમાજ 'વેદિયા' ઉપનામ પણ આપી બેસે છે. એમને હતાશ નિરાશ કરવાનો પ્રયત્ન પણ થાય છે.

પરંતુ જેમનું મનોબળ ઊંચું હોય છે તે આવા ઉપહાસને ગણકારતા નથી. આત્મગૌરવ અને આત્મસન્માન એમના માટે ઉગ્રક્રમે હોય છે. પરિણામે એમના વ્યવહારમાં આત્મગૌરવ છલકે છે. બહુ અઘરૂં છે આવી સ્થિતિ મેળવવી એ. સામા પ્રવાહમાં વહેવા જેવી વાત છે આ!

માણસ માણસ સાથે ખુમારીથી જીવે તે તો સમજ્યા. કેટલાક માણસો તો ભગવાન સાથેય ખુમારીની ભાષામાં સંવાદ કરે છે. કેટલાક ભક્તોની વાતો સાંભળી છે. બહુ ભક્તી કરી. હવે એને ગરજ હોય તો દર્શન દે! જેવા તેવા - કાચાપોચા ભક્તો આવી ભાષામાં વાત નથી કરી શકતા.

ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીનાં શબ્દોમાં પણ ખુમારી કેવી છલકે છે તે જુઓ....

''ત્રણ વાનાં મુજને મળ્યા :
હૈયું, મસ્તક, હાથ,
બહુ દઈ દીધું, નાથ! જા, ચોથું નથી માગવું.''

મનની મર્દાનગીનો આ દુહો છે. આપણને ઈશ્વરે જે આપ્યું છે એ એટલું અઢળક છે કે પછી વધુ માગવાની કાંઇ જરૂર રહેતી નથી, અને છતાં આપણે આપણી જાતને જોઈએ કે આપણી આસપાસના માણસોને જોઈએ તો એ લોકો ઉજળા વેશમાં મહાલે છે એટલું જ - બાકી ભીંતરથી તો માગણ થઈને ભટકતા હોય છે.

મોટાં શહેરોમાં કોઈ સિગ્નલ પાસે કાર થોભે કે કોઈક ને કોઈક ભિખારી તરત હાજર થઈ જાય. એમની માંગણી સાંભળીને કાન પણ એવા થઈ ગયા હોય કે કાચનો કાચ ચડાવી દઈએ! તુલનાત્મક વિચાર કરવા જેવો નથી કે ભગવાન પાસે આપણે કંઈક માગ્યા જ કરીએ છીએ. જે મળ્યું છે એનાથી ધરાતા નથી, તો શું ભગવાન પણ થાકીને, કંટાળીને કાચ નહીં ચડાવી દેતો હોય? કારની બહારનો ભિખારી ઊભેલો હોય છે અંદરનો બેઠેલો.

માણસને સંવેદનશીલ હૃદય મળ્યું, માથું મળવું, મન મળ્યું, મગજ મળ્યું, બુદ્ધિ મળી, કલ્પનાશક્તિ મળી... મનના વિચારોને સાકાર કરવા કાર્યવંતા હાથ આપ્યા... ભગવાને બધું ખોબે ખોબે આપ્યું છે... અને માટે જ તૃપ્તિનો ઓડકાર ખાતાં કવિ કહે છે : હૈયું - મસ્તક - હાથ આ ત્રણમાં ત્રિભુવન સમાય એટલું સોંપ્યું છે. સંતોષ છે. પરમ સંતોષ છે... માટે ખુમારી બોલી ઊઠે છે - જા, ચોથું નથી માગવું.

હવે આપણે જોવું રહ્યું, આપણે આપણા જીવનને ખુમારીથી ધારથી કેવી રીતે સજાવીએ છીએ!

વાત ઝાકળની, પણ કેવી ખુમારી છે!
પુષ્પ જેવા પુષ્પ પર એની સવારી છે!!
ફલક પર જિંદગીના ભૂલથી ભટક્યા ચાલો મંજૂર,
ગ્રહો નબળા કહી, નભને ઉતારી પાડવાથી શું?

- ગની દહીંવાળા